## ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન આણંદ (આઇડિયા), આકૃયુ, આણંદ દ્વારા "ડિપ્લોમા ઇન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેંશન સર્વિસીસ ફોર ઇનપુટ ડીલર્સે" કોર્સની દસમી બેચનું ઉદ્દઘાટન

ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન આણંદ (આઇડિયા), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૦૧/૧૦/૨૦૨૧ ના રોજ માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, ડૉ. કે. બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને "ડિપ્લોમા ઇન એગ્રીકલ્ચરલ એક્શટેન્શન સર્વિસીસ ફોર ઇનપુટ ડીલર્સ" ની દસમી બેચનો ઉદ્દઘાટન સમારોહ યોજવામાં આવેલ.

સમારોહની શરૂઆતમાં નિયામકશ્રી, આઇડિયા ડૉ. એસ. ડી. પટેલ દ્વારા આ કોર્સની અગત્યતા અને રૂપરેખા બાબતે પ્રાથમિક માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ. બી. પટેલે આ કોર્સમાં જોડાવા બદલ બધા ઇનપુટ ડીલરોને અભિનંદન પાઠવેલ. સંશોધન નિયામકશ્રી, ડૉ. એમ. કે. ઝાલા દ્વારા કોર્સમાં સામેલ વિવિધ મોડ્યુલથી માહિતગાર કરવામાં આવેલ. વધુમાં, તેઓશ્રીએ જણાવેલ કે ઇનપુટ ડીલરના કૃષિ વિષયક જ્ઞાનમાં આ કોર્સના માધ્યમથી વધારો થશે, તેઓ પોતાનો વ્યવસાય સફળતાપૂર્વક ચલાવી શકશે અને ખેડૂતોને વૈજ્ઞાનિક અભિગમોયુક્ત કૃષિ માહિતી આપવામા સક્ષમ થશે.

માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા એ અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા જણાવેલ કે, ઇનપુટ ડીલરો એ ખેડૂતોને ગ્રામ્યકક્ષાએ બિયારણ, ખાતર, દવાઓનું વેચાણ કરતા વેપારીઓ છે, જેઓ ખેડૂતો સાથે નજીકના સંબંધોને આધારે વિસ્તરણ સેવાઓ આપતા હોય છે. તેઓશ્રીએ ડીલરોને આ કોર્સમાં તાલીમ આપનાર વૈજ્ઞાનિકો પાસેથી મળતી માહિતી ખેડૂતો સુધી પહોચાડવાની અપીલ કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું હતું કે આ કોર્સમાં મોટાભાગના યુવાનો જોડાયેલા છે. જેથી તેઓ વધારે કાર્યક્ષમતાથી ખેડૂતો સુધી કૃષિ અંગેની અત્યાધુનિક માહિતી પહોચાડવામાં અગત્યનો ફાળો ભજવી શકશે. અંતમાં, માન. કુલપતિશ્રીએ જણાવેલ કે આ કોર્સની સાથે સાથે આણંદ કૃષિ યુનિવર્સિટીના અન્ય વિભાગોના વિષયોની તાલીમ અને માર્ગદર્શન માટે યુનિવર્સિટી સદાય ઇનપુટ ડીલર્સની સાથે છે.

